**Rajkot Nagarik Sahakari Bank Ltd.**

**CREDIT DEPARTMENT**

==========================================

**વિષય :– આર.બી.આઈ. ના તા. ૧૩/૦૯/૨૦૨૩ ના વારસદાર કેસમાં મુવેબલ / ઈમમુવેબલ પ્રોપર્ટીના ડોક્યુમેન્ટસ રીલીઝ કરવાના કિસ્સામાં.**

– પ્રોપર્ટી હોલ્ડર અથવા તો જોઈન્ટ પ્રોપર્ટી હોલ્ડર દ્વારા તેઓની મિલ્કત લોન ખાતામાં કોલેટરલ સીક્યોરીટી તરીકે આપેલ હોય તેવા કિસ્સામાં લોન ખાતુ સંપુર્ણ ભરપાઈ થયેલ હોય ત્યારે તેમની મુવેબલ / ઈમ–મુવેબલ કોલેટરલ સિક્યોરીટી સંબંધી ડોકયુમેન્ટ પરત કરવા માટે નીચે મુજબના જરૂરી ડોકયુમેન્ટસની પુર્ણતા થયે HO સબમીટ કરવાનાં રહેશે.

– **ડોક્યુમેન્ટની યાદી :–** સબમીટ કરેલ ડોકયુમેન્ટસમાં કવેરી હોવાના કિસ્સામાં અરજદાર / શાખાને લેખિત જાણ કરવાની રહેશે.

– શાખા દ્વારા લોન ખાતેદાર / વારસદારોને લોન પૂર્ણ થયા બાદ આપેલ 'નો ઓબ્જેકશન સર્ટીફીકેટ', જેમાં શાખા મેનેજર / ઓફીસરના સહી–સિકકા હોય.

– અવસાન પામેલ મિલ્કત માલિકનું ડેથ સર્ટીફીકેટ તથા જો કોઈ સીધી લીટીના વારસદારોનું અવસાન થયેલ હોય તે તેનું પણ ડેથ સર્ટીફીકેટ.

– નોટરાઈઝ્ડ બાહેંધરી પત્ર (રૂા. ૩૦૦/– ના સ્ટેમ્પ પેપર પર) (તમામ સીધી લીટીના આધાર કાર્ડ તથા ફોટો સાથે) (જો વારસદારો પ્રોબેટ ધરાવતા હોય તેવા કિસ્સામાં બાહેંધરી પત્રની જરૂરીયાત રહેતી નથી. પરંતુ પ્રોબેટને ઓરીજીનલ સાથે વેરીફાઈ કરવું તેમજ જેના નામે પ્રોબેટ છે તેના આઈ.ડી. પ્રુફ મેળવવા)

– સંપુર્ણ વિગતો સાથે ફીલઅપ કરેલ ફોર્મ (૨ જામીન (કે જેઓ બેંકના શેરધારક હોય તે)ની સહી સાથે) (જે ચકાસ્યા બદલ શાખાના સહી–સિકકા કરવા) (તમામ વારસદારોની સહી હોવી જરૂરી)

– ફાઈલ નંબર, મિલકત માલિકનું નામ, ખાતા નંબર, આ મિલકત પર રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.નું કોઈપણ પ્રકારનું લેણું બાકી રહેતું નથી તેવી વિગતો દર્શાવતો શાખાનો ભલામણ પત્ર (આંતરિક લેટરહેડ પર)

– મિલકતની દસ્તાવેજ ફાઈલ પરત મેળવવા માટેનું સંપૂર્ણ વિગતો સાથે ફીલઅપ કરેલ ફોર્મ (તમામ વારસદારોની સહી હોવી જરૂરી)

– લોન ખાતેદાર, મિલકત માલિક, લોન ખાતામાં આપેલ જામીન તથા વારસદાર કેસ માટેના જામીન (ફોર્મમાં દર્શાવેલ ૨(બે) જામીન)નોના લેટેસ્ટ શાખ રિપોર્ટ (શાખાના સહી–સિકકા સાથે)

– રેશન કાર્ડ અથવા વારસાઈ આંબો.

**નોંધ :–** જયાં વારસદારોના નામ / અટક / પિતાના નામમાં ફેરફાર આવતો હોય ત્યાં ગેઝેટ / અપડેટેડ આઈ.ડી. પ્રુફ મેળવવા. જેથી વારસદારોની ખાતરી યોગ્ય રીતે થઈ શકે.